પત્રક્રમાંક/માધ્ય/જીપીએફ/૨૦૧૪/ ૬૨૧
કમિશ્નર, શાળાઓની કચેરી,
બ્લોક નં.૯/૧, ડૉ.જી. મ. ભવન,
ગુ. રા. ગાંધીનગર.
તા.૧૫/૦૧/૨૦૧૪.

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
રાજકોટ.

વિષયઃ-ફાજલ ભાષા શિક્ષકોને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી રાજકોટને ફાળવવામાં આવતા તેમની જી.પી.એફ.રકમ જમા લેવા બાબતે માર્ગદર્શન આપવા અંગે.

સંદર્ભઃ- જિશિઅશ્રી, રાજકોટના તા.૭/૧૧/૨૦૧૩ના અ.સ.પ.જીપીએફ/ધ.૩/માર્ગદર્શન/૨૦૧૩/૩૮૭૩

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, આપના તા.૭/૧૧/૧૩ના અ.સ.પત્રાંક અન્વયે બિન સરકારી ગ્રાન્ટેડ શાળાના ફાજલ શિક્ષકોને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, રાજકોટ દ્વારા પ્રાથમિક શાળાઓમાં ફાળવવામાં આવેલ. જેનો પગાર તાલુકા વિકાસ અધિકારીશ્રી દ્વારા થાય છે. તેમના જી.પી.એફ.ના ચલણો સ્વીકારવા બાબતે જણાવવાનું કે, સદર શિક્ષકોના જી.પી.એફ.ના ખાતા આપની કચેરીમાં હાલમાં ચાલુ છે.

વધુમાં શિક્ષણ વિભાગના ઠરાવ ક્રઃબમશ/૧૩૧૦/૧૨૦૧/ગ, તા.૨૨/૧૧/૧૦ના પારા-૬ મુજબ પારા-૬ મુજબ પ્રાથમિક શાળામાં સમાવેશ કરવામાં આવેલા અનુદાનિત માધ્યમિક શાળાના ફાજલ શિક્ષકોને તેમની હાલની નોકરીની શરતો મુજબ મળવાપાત્ર પગાર, પગાર ધોરણ અને અન્ય લાભો યથાવત રહેશે અને ભવિષ્યમાં જ્યારે માતૃશાળામાં જગ્યા ખાલી પડે ત્યારે ફરજીયાત પણે તે શાળામાં સમાવેશ કરવાનો રહેશે. આ જોગવાઇ મુજબ શિક્ષકોનું મુળ લીયન માધ્યમિક શિક્ષણક તરીકે ચાલુ રહે છે જી.પી.એફ.ના ચલણો કચેરી દ્વારા સ્વીકારી આનુષંગિક કાર્યવાહી આપની કક્ષાએ કરવાની રહે છે.

(ઇ.પી.દેસાઇ)
સંયુક્ત શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રા.ગાંધીનગર.

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
રાજકોટ.
24 ... 2014
આવક નં. ૩૨૨

૬/૭૭૯

ક્રમાંક: જી.પ્રા.શિ/ઘ-૨/૨૦૨૪/૨૬૫૨૬-૨૬૫
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
રાજકોટ
તા. ૩૦/૧/૨૦૨૪

પાછળ દર્શાવેલ પત્રની જાણ તથા અમલાર્થે.

(signature)
(stamp: જિલ્લા શિક્ષણાધિકારી, રાજકોટ)

નકલ જાણ તથા અમલાર્થે:

1. પ્રમુખશ્રી,
   શહેર, આચાર્ય સંઘ - રાજકોટ
2. પ્રમુખશ્રી,
   જિલ્લા આચાર્ય સંઘ - રાજકોટ જિલ્લો
3. પ્રમુખશ્રી,
   ઉચ્ચતર માધ્યમિક સંઘ - રાજકોટ
4. પ્રમુખશ્રી,
   માધ્યમિક સંઘ - રાજકોટ
5. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
   જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી કચેરી
   જિલ્લા પંચાયત
   રાજકોટ